## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ચગવા દેતા નથી, નજીક આવી દોર કાપે છે,*
*બદલાય છે પવન ત્યારે કેદ પ્રમાણે માપે છે!*
*ટાંપે તક કાપવાની, ત્યાં સુધી આપે છૂટો દોર -*
*સાથે બેઠા હોય છતાં સ્નેહી જ પતંગ કાપે છે!!*
*(અંદરોઅંદર કાપાકાપી)*

હાઈકુ

*પૂછો નેતાને -*
*સત્તા પર બેસતાં -*
*કેટલા કાપ્યા?*

*ખેલાય ખેલ,*
*ચિક્કી ખાતા ખાતાં -*
*કાપા કાપી નો...*

### ચિંતન

*ન ગચ્છતિ વિના પાનં વ્યાધિરૌષધશબ્દતઃ ।*
*વિનાડપરોક્ષાનુભવં બ્રહ્મશબ્દૈર્ન મુચ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**જેમ ઔષધ પીદા વગર એના નામનું રટણ કરવાથી રોજ જતો નથી. એ જ રીતે અપરોક્ષ એટલે સાક્ષાત્ અનુભવ કર્યા વગર 'બ્રહ્મ' શબ્દનું રટણ કરવાથી મુક્તિ મળતી નથી.**

**ભક્તિ-કોઈ પણ પુસ્તકના પાઠ-મંત્ર જાપ દ્વરા માત્ર ઉદ્ધાર થતો નથી પણ એવું જ સાત્ત્વિક જીવનમાં 'આચાર'નું અવતરણ હોય તો જ મુક્તિ મળે છે બાકી મુખ મેં રામ નામ ને બગલમા છૂરી જેવું આચાર વિચાર વર્તન હોય તો કોઈ અર્થ નથી.**

### સુવિચાર

- સંપત્તિ માણસને ઈશ્વરથી વિમુખ કરે છે - **કુરાન**
- સુખ એટલે બીજા કોઈને સુખી કરવાના પ્રયત્નમાંથી નીપજતું ફળ - **એસ. ભટ્ટાચાર્ય**
- મોટામાં મોટું સુખ તમે જો પામી શકો તો તે આ છે,
  સુખ વિના તમારું કંઈ જ અટકી નથી પડ્યું તે જાણવું તે - **ફાધર વાલેસ**
- સ્મૃતિ એ બેંકમાં રાખેલા જમા રૂપિયા જેવી છે. ઘડપણમાં એ નાણાં ઉપાડવાં અને કંજૂસ ધન સાતે રમે તેમ એની સાથે રમવું અને મનને ઉલ્લાસમાં રાખવું - **મુંબઈ સમાચાર**
- પોતે જેવા છે તેને માટે માણસો હંમેશા સંજોગોને ભાંડે છે - **બર્નાડ શો**
- આંધળાને સત્તા આપશો તો એ પહેલી આંખો પોતાની દોરવણી કરનારની જ ફોડશે - **મિખાઈલ નેઈમી**
- આજનું ઔષધ : પાણીમાં એક ચમચી મરચું પાઉડર ઉમેરી, દારૂડિયાની પીવડાવવાથી નશો ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પોતાના ફાયદા માટે બીજાનું નુકશાન થતું હોય તો એવા કામથી દૂર રહેવું જોઈએ. વિશ્વ વિખ્યાત અમેરિકન ફિલ્મ અભિનેતા એલેક જિનેસ ખૂબ લોકપ્રિય થયા. તેમને ફિલ્મોમાં કામ કરવા માટે મોં માંગી રકમ મળતી હતી. એકવાર એક મોટા અમેરિકન ઉદ્યોગપતિએ એમની મુલાકાત કરી. તેમણે કહ્યું, 'એલેક મહાશય, હું તમને એક એવી ઑફર આપું છું. કે જો એ તમે સ્વીકારશો તો તમને અડધો ડઝન ફિલ્મોમાં અભિનય કરવાથી જે રકમ મળશે તેનાથી પણ વધુ રકમ તમે કમાઈ શકશો.' એલેકે પૂછ્યું, 'આપની શું ઑફર છે ?' અમેરિકન ઉદ્યોગપતિએ કહ્યું, 'પહેલા તમે રકમ તો સાંભળો, ઑફર તમે આપોઆપ સ્વીકારી લેશો.' એલેક જિનેસે કહ્યું, 'ઓકે, પહેલા રકમ કહો.' અમેરિકન ઉદ્યોગપતિએ કહ્યું, 'એક મિનિટની એક જાહેર ખબરમાં કામ કરવા માટે હું તમને બે મિલિયન ડૉલર્સ આપી શકું છું.' એલેકે કહ્યું, 'કહો કે મારે જાહેરખબરમાં શું કરવું પડશે?' અમેરિકન ઉદ્યોગપતિએ કહ્યું, 'અમારી કંપની શરાબનું ઉત્પાદન કરે છે, તમારે અમારી બનાવેલી શરાબની જાહેરાતમાં અભિયન આપવાનો છે. તમે અમારી કંપનીનો શરાબ પી રહ્યા છો અને તમે ખૂબ સારું ફીલ કરો છો એવા હાવભાવ તમારે એ વિજ્ઞાપનમાં દર્શાવવના છે. આવી નાની વાત માટે તમને આટલી મોટી રકમ કોઈ નહીં આપે.' અમેરિકન ઉદ્યોગપતિને એમ હતું કે આ રકમ સાંભળીને એલેક ખુશ થઈને હા પાડી દેશે પણ એલેક વિનયપૂર્વક ના પાડતા કહ્યું, 'શરાબને કારણે સંખ્યાબંધ માણસો બરબાદ થાય છે. અને મારા કારણે બીજા લાખો માણસો એ રસ્તે જાય એ મને મંજૂર નથી. તમે બે મિનિયન તો શું વીસ મિલિયન ડૉલર્સ આપો તો પણ હું તમારી જાહેરાત નહીં કરું.

# મકરસંક્રાંતિ ઊર્ધ્વ ચેતનાનું પાવન પર્વ

**તંત્રીસ્થાનેથી...**

'ઉત્તરાયણ'માં ઉત્તર શબ્દ માત્ર દિશાસૂચક નથી. એમાં માનવીમાં અનુસ્યૂત ઊર્ધ્વચેતના તરફની ગતિનું સૂચન પણ સમાયેલું છે. પશુપંખીની મર્યાદિત બૌદ્ધિક ક્ષમતા વચ્ચે પણ ઋતું સંવેદનનો અણસાર તો સાંપડે જ છે. સૂર્ય સમસ્ત બ્રહ્માંડનો અધિષ્ઠાતા દેવ. જાગતો જોગંદર. એટલે હજી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પૂજા શરૂ નહોતી થઈ ત્યારે પણ કાળા માથાનો માનવી સૂરજને તો હાજરા હજૂર પ્રકાશંપુંજ ગણીને પૂજવા લાગ્યો હતો. આર્ય સંસ્કૃતિ પૂર્વે દ્રવિડો અને ભારત બહાર ઈરાન કે ગ્રીસ-ઈજિપ્તમાં આવી પ્રકૃતિ પૂજા શરૂ થઈ જેમાં સૂર્ય દેવ કેન્દ્ર સ્થાને રહ્યા. આજે હજારો વર્ષો પછી પ્રાચીન ગુફાઓમાં પ્રાગૈતિહાસિક કાળના માનવીએ પથ્થર પર કોતરેલા સૂર્યચંદ્ર જોવા મળે છે તો વળી ઠેકઠેકાણે સૂર્ય પ્રતિમાઓ અને સૂર્ય પરિવાર વિશેની દંતકથાઓ પણ મળી આવે છે. મકરસંક્રાતિ સૂર્યના મકર રાશિપ્રવેશનું પર્વ છે. ધનુ રાશિમાં સૂર્યની સ્થિતિ 'કમૂરતાં' ગણાય છે એટલે સૂર્યનો મકર પ્રવેશ તે એની સૌથી શુકનિયાળ ગતિ છે જેને આપણા પૂર્વજો આત્માની સદ્‌ગતિ સાથે સાંકળતા રહ્યા છે. ભીષ્મ પિતામહને ઈચ્છા - મૃત્યુનું વરદાન મળેતું હતું. એમને શિખંડીને ઢાલ બનાવી અર્જુને વીંધી નાખ્યા છતાં એમને મૃત્યુ માટે - મહાપ્રયાણ માટે મકરસંક્રાતિની રાહ જોઈ હતી. મૂળે આ ઊર્ધ્વચેતનાના ઉઘાડનું આધ્યાત્મિક પર્વ છે અને તેથી જ પતંગ ઉડાડી આત્માના ઊર્ધ્વારોહણના પ્રતીક તરીકે આપણા પૂર્વજોએ ઉત્તરાયણ પર પતંગ ચગાવવાનું શરૂ કર્યું હશે. તલ સાંકળી અને બોર કે શેરડી સ્વાસ્થ્યવર્ધક ખાદ્ય પદાર્થો છે. ઉત્તરાયણમાં આ પદાર્થોનું સેવન કરાતું રહ્યું છે. મૂળે, સૂર્ય ચેતનાના આ પર્વને આપણે લોકોત્સવમાં ફેરવી દઈ એનો મહિમા જ કર્યો છે. ગુજરાતમાં પતંગોત્સવ એ નવરાત્રી જેટલો જ લોકપ્રિય પ્રસંગ છે - હા, એ માત્ર થોડાક જ દિવસો પૂરતો મર્યાદિત છે, પરંતુ એમાં ઊંચી આધ્યાત્મિક ભાવના સમાયેલી છે. પતંગ ઉડાડતાં કોઈ નિર્દોષ જીવોને હાનિ ન પહોંચે, ખાસ કરીને ટુ વ્હીલર ચાલકોનાં ગળાં કે પક્ષીઓની પાંખો ન કપાઈ જાય તે માટે આપણે સાવધ રહેવું જોઈએ ગુજરાત તો જીવદયાનું અને અહિંસાનું તીર્થ છે. આપણી સરકાર પણ આ મુદ્દે જાગ્રત છે એની સહર્ષ નોંધ લઈએ ઉત્તરાયણ સાથે જ શિયાળાની કડકડતી ઠંડીનો ચમકારો દૂર થાય છે અને સૂર્યદેવ એમની હૂંફાળી ઉષ્મા અને ધનધાન્ય પર અમીવર્ષણ કરે છે. આવા પવિત્ર પર્વ પર માત્ર ગાયોને જ પૂળા નાખીએ તો પૂરતું નથી. તમામ દુખિયારા જીવોને, ભૂખ્યાં જનોને આપણી મર્યાદામાં રહી મદદરૂપ બનીએ તો જાગતા જોગંદર સૂર્યદેવ જરૂર એમની કૃપા વરસાવસે.

# પતિના પગારના ૧/૪ ભાગ ભરણપોષણ મેળવવા હક્કદાર પત્ની : હાઈકોર્ટ



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભરણપોષણ મેળવવું એ દરેક પત્નીનો કાનુની હક્ક છે. જયારે પત્નીને વિના કારણ ત્યજી દિધી હોય ત્યારે ક્રિમીનલ પ્રોજર કોડની કલમ ૧૨૫ મુજબ પત્ની પતિ સામે ભરણપોષણનો દાવો કરી શકે છે. જેમાં પોતે તથા સંતાન હોય તો તેમના ભરણપોષણ, કપડાલત્તા, દવાદારૂ, શિક્ષણનો ખર્ચ પતિ પાસેથી માંગી શકે છે. આવા કેસમાં સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લઈ તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો આપતા ઠરાવ્યું છે કે પતિની આવકનો ચોથો ભાગ પત્ની ભરણપોષણ મેળવવા હક્કદાર છે. જો સંતાનો હોય અને તે પત્ની પાસે હોય તો આ રકમમાં વધારો થઈ શકે છે. તેવા સંજોગોમાં પ્રસ્તુત કેસમાં પત્નીએ ભરણપોષણની રકમ વધારવા માટે અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી નીચલી અદાલતે દર મહિને ૪૫૦૦ ભરણપોષણ તરીકે પત્નીને આપવાનો જે આદેશ કરેલ તે હાલના સંજોગોમાં પત્નીનો ચોખ્ખો પગાર ૪૫૦૦૦/- હોય તેના ૨૫ ટકા રકમ દર માસના હિસાબે ૧૧૨૫/- અને ૩૦૦૦૦/- હોય તો ૭૫૦૦/ મળવા પાત્ર થાય છે. આ મામલે પત્નીએ દર મહિને ૧૦૦૦/- આપવાની માંગ કરેલ જે મંજુર રાખી પતિએ દર માસે પત્નીને ૧૦૦૦૦/- ભરણપોષણ ચુકવવાના રહેશે તેવો હુકમ કરેલ.

નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પ્રસ્તુત થયેલ આ કેસમાં અરજદાર પત્નીએ એવી રજુઆત કરેલ હતી કે ૨૧/૬/૨૦૧૭ ના રોજ નર્મદાના સેશન જજ દ્વારા ભરણપોષણ મહિને ૪૫૦૦/- ચુકવવાનો હુકમ કરવામાં આવેલ તે રદ કરવામાં આવે તે ઉપરાંત પતિને દર મહિને ૧૦૦૦૦/- પત્નીને ચુકવી આપે તેવો આદેશ કરવામાં આવે જેના સંદર્ભમાં એવી આપે તેવો આદેશ કરવામાં આવે જેના સંદર્ભમાં એવી દલીલો રજુ કરવામાં આવી હતી કે શરૂઆતમાં અરજદાર પત્નીને બે હજાર મહિને આપવાનો આદેશ નીચલી અદાલતે કર્યો હતો જેમાં પાછળથી વધારો કરી ૩૫૦૦/- કરી દેવામાં આવ્યા હતા પતિએ આ વધારેલ રકમને સેશન જજ સમક્ષ પડકારેલ જેમાં એ આદેશને રદ કરી મહિને ૪૫૦૦/- ચુકવવાનો આદેશ સેશન જજે કરેલ તેમજ પતિની ઉપર તપાસમાં પણ કબુલ કરેલ કે તેની દર મહિનાની કુલ પગાર ૩૦૦૦૦/- છે અને તેને સાતમું પગાર પંચ મળવા પાત્ર હોય તેનો પગાર ૪૫૦૦૦/- થઈ જશે તે સીવાય તેની પાસે ગામમાં ૨૫ એકર જમીન પણ છે. જયારે પત્નીને કમાણીનું કોઈ સાધન નથી વધારે ભણેલી પણ નથી અને એકલી છે. આ સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટના કલ્યાણ ડે ચૌધરી વિરૂધ્ધ સ્થિત ડે ચૌધરીના કેસમાં આપવામાં આવેલ ચુકાદા મુજબ પત્નીને પતિના પગારના ચોખ્ખા ૨૫ ટકા રકમ ભરણપોષણ તરીકે મળવાપાત્ર છે.

આ તરફ પતિ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પતિ દર મહિને ૧૦૦૦૦/- ચુકવવાની સ્થિતિમાં નથી અને તેની જોડે ત્રણ બાળકો છે અને બીજા લગ્ન પણ કરવાના છે તેથી દર મહિને ૪૫૦૦/- ના ભરણપોષણના આદેશમાં હસ્તક્ષેપ થવો જોઈએ નહિ.

નામદાર કોર્ટે બન્ને પક્ષની દલીલો સાંભળી સુપ્રિમ કોર્ટના ચુકાદાને ટાંકતા પત્ની પતિના પગારના ૨૫ ટકા રકમ ભરણપોષણ તરીકે મેળવવા પાત્ર હોવાનું ઠરાવી અરજીનો નિકાલ કર્યો.

ભારતીય સંસ્કૃતિમાં પણ સ્ત્રીને દેવી તરીકે સરખાવવામાં આવી છે. જે કુળમાં સ્ત્રીઓની પૂજા થાય છે અર્થાત તેમનું માન સન્માન જળવાય છે ત્યાં દેવતા પ્રસન્ન રહે છે. જયાં સ્ત્રીનું ખપમાન થાય છે ત્યાં યજ્ઞ કર્મ ફળ નિષ્ફળ જાય છે કુળમાં વહુ દુઃખી રહે તે કુળનો નાશ થઈ જાય છે અને જયાં સ્ત્રીઓ દુઃખી નથી રહેતી તે કુળ હંમેશા આગળ વધે છે. પત્નીના છુટકે પતિનો ત્યાગ કરે છે. સ્ત્રીએ સહનશક્તિની મૂર્તિ પણ આંકવામાં આવી છે.

મા-બાપ સ્ત્રી અને પુત્ર ત્યાગ કરવા યોગ્ય નથી. ટૂંકમાં અત્રે એ ઉલ્લેખનીય છે કે સ્ત્રીનો ત્યાગ કરનાર ગૃહસ્થીને દરેક ત્યાગ માટે અલગ અલગ દંડ કરવાનું વિધાન છે. આધુનિક યુગમાં આ સ્થાન નાણાએ લીધું છે. પુરાણોમાં પણ સ્ત્રીનો ત્યાગ વર્જીત ગણી તેને ભરણપોષણ ચુકવવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં પણ છે. શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે જે પુરૂષ કમાવવા માટે પરદેશ જાય તેણે પણ પોતાની પત્નીના ભરણપોષણની વ્યવસ્થા કરી પછી વિદેશ જવું જોઈએ. મનુસ્મૃતિના અધ્યાય ૮ શ્લોક ૪૦૩,૪૦૪, ૪૦૭, તથા ૪૦૮ માં પણ સ્ત્રી દાક્ષીણ્ય માટેનો ઉલ્લેખ છે. શાસ્ત્રોમાં પુરાણોમાં પણ સ્ત્રીના ભરણપોષણની જવાબદારી પુરૂષની હતી જે આધુનિક યુગમાં નાણાના સ્વરૂપમાં ચુકવવા પડે છે. સ્ત્રીના દવાદારૂ, ભરણોપોષણ, કપડાલત્તા, રહેઠાણની વ્યવસ્થા પુરૂષ પોતે રહેતો હોય તે રીતે કરવી જોઈએ.

# મોજ આવી શકે છે સાગરની, ખુદના ખાબોચિયે તરે કોઈ



WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

*મોજ આવી શકે છે સાગરની,*
*ખુદના ખાબોચિયે તરે કોઈ.*

*- મરીઝ*

ભારતીય ભાષાઓના એક સર્વોત્તમ ગ્રંથને ભારતીય જ્ઞાનપીઠ તરફથી દર વર્ષે એક લાખ રૂપિયાનું પારિતોષિક આપવામાં આવે છે. પૈસાની મોટી રકમ અને સન્માન, એ બંને દૃષ્ટિએ ભારતમાં આ સર્વોચ્ચ પારિતોષિક છે. ૧૯૭૫માં આ પારિતોષિક શ્રી વિ.સ. ખાંડેકરને તેમની નવલકથા 'યયાતિ' માટે આપવામાં આવ્યું. એ પહેલાં આ નવલકથાને સાહિત્ય અકાદમીનું અને મહારાષ્ટ્ર રાજયનું એમ બે પારિતોષિકો મળ્યાં હતા.

૧૯૩૦ની સાલમાં ખાંડેકરની પહેલી નવલકથા 'હૃદયાચી હાંક' પ્રસિદ્ધ થઈ. આમ તો ૧૯૨૦થી તેઓ લેખન કરે છે, પણ સાચા અર્થમ્ એમના લેખનનો પ્રારંભ ૧૯૩૦થી થયો એમ કહેવું જોઈએ.

આટલા લેખનકાળ દરમિયાન ખાંડેકરે ૧૫ નવલકથા, ૨૭ વાર્તાસંગ્રહો, ૬ રૂપકથાસંગ્રહ, ૧૦ લઘુનિબંધસંગ્રહ, ૧૪ વિવેચનગ્રંથ, ૧૮ ફિલ્મકથાઓ અને કેટલુંક બીજું સાહિત્ય પ્રગટ કર્યું ચે.

ખાંડેકરની આંખો પહેલેથી બહુ નબળી હતી. ૧૯૭૨માં ઓપરેશન કરાવ્યું તે સફળ ન થયું અને આંખો સાવ ગઈ. આ ઉપરાંત તાવ, શરદી, ખાંસી, બ્લડપ્રેશર એ બધી તકલીફ પણ પહેલેથી હતી જ. મરાઠીના હાસ્યકાર શ્રીપાદ કૃષ્ણ કોલ્હટકર ખાંડેકરના સાહિત્યગુરુ હતા. એમને એક વાર કહેલું : 'ખાંડેકર સાધારણ રીતે તો પથારીવશ જ હોય છે, તો પછી આટલું લેખન એમને હાથે થાય છે કેવી રીતે ? આ બધું એ પોતે લખે છે કે એમનું ભૂત?' આ સાંભળીને ખાંડેકરના સમકાલીન નવલકથાકાર ગં.ત્ર્યં. માડખોલકરે કહ્યું : 'માંદગીના બિછાનામાં પણ ખાંડેકરને લખવાની શક્તિ આપનાર જે સંચાર એમના શરીરમાં થાય છે તે ભૂતનો નહીં પણ દેવદૂતોનો હોવો જોઈએ, કારણ કે ગયાં બારેક વર્ષ દરમિયાન સદ્‌ભાવના જાગ્રત કરનારું જેટલું રમણીય સાહિત્ય એમણે ઉત્પન્ન કર્યું છે તેટલું ઝાઝા લેખકોએ કર્યું નથી. મને જે આશ્ચર્ય થાય છે તે એમને પુષ્કળ લખ્યું છે તે માટે નહીં, પણ મન ચિંતાથી ભરેલું હોય અને તન તાવથી ધગતું હોય એવી કાયમી સ્થિતિ છતાં એમને આટલું પ્રસન્ન સાહિત્ય રચ્યું તે માટે.'

ખાંડેકરનો જન્મ સાંગલીમાં ૧૮૯૮ના જાન્યુઆરી, ૧૧મીએ. એમનું કુટુંબ અસલ તો સાવંતવાડીનું. પિતાનું નામ આત્મારામ. ખાંડેકરનું મૂળ નામ ગણેશ. મેટ્રિક સુધી તે સાંગલીમાં ભણ્યા. તેમને પુણેની ફરગ્યુસન કૉલેજમાં દાખલ કરવામાં આવ્યા. પણ સાવંતવાડીમાં એમના કાકા સખારામપંત ખાંડેકર રહેતા હતા. એમને દીકરો ન હતો. અને સાવંતવાડીનાં ઘર અને ખેતીવાડી સંભાળવા એમને કોઈકની જરૂર હતી. એટલે ગણેશ આત્મારામ ખાંડેકરને એમને દત્તક લેવા એમ નક્કી થયું. સાંગલીના આત્મારામ પંત ખાંડેકરને પણ ગણેશને દત્તક આપીને પોતાના ઉપરનો ભાર ઓછો કરવો હતો. તે ઈન્ટરમાં હતા ત્યાં જ દત્તવિધાન થયું અને ગણેશ આત્મારામ ખાંડેકર વિષ્ણુ સખારામ ખાંડેકર બન્યા. એમને ફરી પુણે આવીને શિક્ષણ પૂરું કરવાની ઈચ્છા હતી. પણ તે દત્તક અપાયા પછી સાંગલીવાળા જન્મદાતા પિતા એમના શિક્ષણની જવાબદારી લે નહીં, અને દત્તક લેનાર પિતાનું કહેવાનું એમ હતું કે ખાંડેકરે સાવંતવાડીમાં રહી ખેતીવાડી સંભાળવી. પરિણામે ૧૯૧૬-૧૭માં શિક્ષણ અધૂરું મૂકીને ખાંડેકરને સાવંતવાડી આવી જવું પડ્યું.

તે સમેય સાવંતવાડીમાં જંગલને લીધે મરેલિયાનો ફેલાવો મોટા પ્રમાણમાં હતો. ખાંડેતર પણ મલેરિયામાં સપડાયા અને તેમની તબિયત બગડી. સાવંતવાડીમાં રહેવાનું અશક્ય બન્યું. સાથે સાથે, ત્યાંના જમીનદારીમાં એમનું ધ્યાન હતું નહીં, જમીનદારી એટલે ખેડૂતો ધરતી ખૂંદી મહેનત કરે, ને પૈસા વસૂલ કરી જાય જમીનદારો. એ ખાંડેકરને ગમે નહીં.

સાવંતવાડીથી પંદર માઈલ દૂર શિરાડે ગામમાં બે-ત્રણ ધ્યેયવાદી જુવાનોએ અંગ્રેજી શાળા શરૂ કરી હતી. એ લોકો કોઈ આદર્શવાદી શિક્ષકની શોધમાં હતા. ત્યાં પંદર-વીસ રૂપિયાથી વધુ પગાર મળવાની શક્યતા નહોતી. તેમ છતાં, ગામડાના લોકોને શિક્ષણ આપવાની ઉત્સુકતાથી ખાંડેકર ત્યાં જવા આકર્ષાયા.

પોતાની આત્મકથામાં એમને લખ્યું છે : '૧૨મી એપ્રિલ ૧૯૨૦! વિષ્ણુ સખારામ ખાંડેકર નામનો, માંડ વીશીમાં પ્રવેશેલો એક ઊંચો સુકલકડી, તરુણ છોકરો સાવંતવાડીથી શિરોડે જતા પંદર માઈલના રસ્તા પર ચાલતો હતો. માંડ માંડ ગોઠણને ઢાંકતું, લાલ માટીમાં રંગાયેલું ધોતિયું, તેની સાથે શોભે તેવું લાલ ખમીસ, ઉપર મેલોઘેલો કોટ, આંખે ચાંદીની ફ્રેમવાળા જાડા કાચનાં ચશ્મા, એક હાથમાં છત્રી, બીજા હાથમાં થેલી, થેલીમાં ચાર કપડાં અને કેશવસુતની કવિતાનું પુસ્તક ઠાંસેલું - એવો એનો દેદાર હતો.'

શિરોડેની અંગ્રેજી શાળામાં ખાંડેકરે શિક્ષણકાર્યને અતિ પવિત્ર માનીને અઢાર વર્ષ સુધી એ કામ કર્યું. આ સમય દરમિયાન એમને ચાળીસ-પચાસ રૂપિયા કરતાં વધુ પગાર કદી મળ્યો ન હતો. કેટલીયે વાર એમને સવાસો રૂપિયાની પહોંચ પર સહી કરીને ૪૦ રૂપિયા લેવા પડતા.

૧૯૨૦ થી ૧૯૩૮ સુધીનાં અઢાર વર્ષ ખાંડેકરે શિરોડેમાં ગાળ્યાં. એ સમય દરમિયાન એ સમગ્ર વિસ્તારમાં શિક્ષક તરીકે અને લેખક તરીકે ખાંડેકરનું નામ ગૌરવપૂર્વક લેવાવા લાગ્યું. ખાંડેકરના નામથી શિરોડે ગામ મહારાષ્ટ્રભરમાં પ્રસિદ્ધ થઈ ગયું. તે ફછી એ ગામ ફરી જાણીતું થયું તે ગાંધીજીના મીઠાના સત્યાગ્રહને લીધે. ૧૯૩૧માં શિરોડેમાં મીઠાના અગરમાં મોટા પાયા પર સત્યાગ્રહ થયો. ખાંડેકરની શાળા અને મીઠાનો સત્યાગ્રહ એ બે વસ્તુઓ માટે શિરોડે ગામ પ્રસિદ્ધ થઈ ગયું તે પછી આટલા વખતમાં મીઠાનો સત્યાગ્રહ લોકો ભૂલી ગયા છે, પણ શિરોડેની શાળા તો હવે ઘણી મોટી થઈ છે તો પણ ખાંડેકરની શાળા તરીકે જ ઓળખાય છે.

શિરોડેની આસપાસનું કુદરતી વાતાવરણ બહુ રમણીય છે. પણ ગામ લોકોને એ જોવા જેવું કદીયે લાગ્યું નથી. કોંકણમાં ખેડૂત મોટે ભાગે ભૂખ્યો કે કંગાળ હોય છે. આવી પરિસ્થિતિમાં ત્યાંનું પ્રકૃતિસૌંદર્ય જોવીની ગામલોકોને શી પડી હોય?

ખાંડેકર અત્યારે ૭૮ વર્ષના છે. ખૂબ ઉદાર રીતે તેમની તબિયતનો હિસાબ માંડીએ તો પણ આખી જિંદગીમાં કુલ ૮ વર્ષ તેઓ સાજા રહ્યા હશે, અને બાકીનાં ૭૦ વર્ષ એક યા બીજા પ્રકારની માંદગીમાં ગયાં હશે. આ માંદગીને લીધે તથા ઝાંખી નજરને લીધે તેઓ હરીફરીને, પ્રત્યક્ષ જોઈ, હળીમળીને જીવનનો અનુભવ લઈ શક્યા નથી. ઘરે બેઠાં-બેઠાં - બલ્કે પડ્યાં પડ્યાં - તેમના કામ પર જે મર્યાદિત સ્વરુપનો જીવનાનુભવ અથડાયો, તેટલી જ તેમની કુલ મૂડી. પણ તેમની કલ્પનાશક્તિ વિલક્ષણ તેજસ્વી છે. એટલે જ તો એ મૂડીમાંથી તેઓ પોતાને જોઈએ તેટલા ગુણાકાર - ભાગાકર કરતા રહ્યા.

પોતાના મર્યાદિત અનુભવને તેમણે વ્યાપક વાચનથી અને સતત મનનથી શબ્દબદ્ધ કર્યો. પોતાના કલ્પનાવિલાસના બળ દ્વારા વાચકોને વશ કરી લીધા.

ખાંડેકરે પોતાના સાહિત્ય દ્વારા કોઈને દિલાસો આપ્યો છે, કોઈને ધીરજ આપી છે, કોઈને માર્ગ બતાવ્યો છે, કોઈનું તો આખું જીવન બદલી નાખ્યું છે. પોતાના સાહિત્ય વિશે વાત કરતાં તેઓ કહે છે :

'કોઈ ભાવિક ભક્ત મંદિરમાંથી મૂર્તિ તરફ જે ભાવનાપૂર્વક જુએ, તે જ ભાવનાથી આખી જિંદગી મેં સાહિત્યને જોયું છે. સાહિત્યકાર જૈમ સૌંદર્યશોધક હોવો ઘટે, તેમ સત્યશોધક અને માંગલ્યપૂજક પણ હોવો ઘટે એવી મને શ્રદ્ધા છે.'

અત્યારે ખાંડેકર સંપૂર્ણપણે અંધ બની ગયા છે. પગારદાર સુશિક્ષિત માણસ પાસે તેઓ ચૂંટેલાં અંગ્રેજી-મરાઠી પુસ્તકો વંચાવીને સાંભળે છે અને એ સાંભળતાં સાંભળતાં બધી શારીરિક વ્યાધિને ભૂલી જઈને વિચારમાં મગ્ન થઈ જાય છે.

**- જયવંત દળવી**

**- nehalgadhavi101@gmail.com**

# યેનકેન પ્રકારેણ સત્તા પુનઃ પ્રાપ્ત કરવાના ઉધામા



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

લોકસભાની ચૂંટણીની માર્ચ મહિનામાં જાહેરાત થાય અને આચારસંહિતા લાગુ પડે એ પહેલાં પ્રત્યેક રાજયમાં ચૂંટણીલક્ષી જનસભાઓ યોજીને, હજારો કરોડ રૂપિયાની યોજનાઓની જાહેરાતો કરીને, વિરોધી છાવણીના ધારાસભ્યો-સાંસદોને તોડીને, નવા નવા વર્ગ કે જ્ઞાતિઓ માટે અનામતના ગળચટ્યા લાભની ઘોષણાઓ કરીને તેમ જ છેલ્લે કોંગ્રેસ અમને આમજનતાના હિતનાં કામ કરવામાં અવરોધો આણી રહી હોવાનો આલાપ આરંભીને પ્રજામાં ફરીને ભારતીય જનતા પક્ષની તરફેણમાં મોજું ઊભું કરવાની કોશિશમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને એમની કેન્દ્ર તથા રાજ્ય સરકાર છે. દેશનાં ૧૫ કરોડ જેટલા યુવાઓને આકર્ષવા માટે સોશિયલ મીડિયા પર વિશેષ ઝુંબેશો આદરી દેવી છે.પ્રભારીઓ નિયુક્ત થઈ ગયા છે. પક્ષનાં અધિવેશનો આરંભાઈ ચુક્યાં છે.ખાટલા બેઠકોના હાકલા-દેકારા શરૂ થઈ ગયા છે. રાફેલ યુદ્ધ વિમાન ખરીદી કાંડ શમવાનું નામ લેતું નથી અને સુપ્રીમે સીબીઆઈના વડા તરીકે આલોક વર્માને બહાલ કર્યા પછી એમને આ હોદ્દેથી દૂર કરી દેવાયા છે. વિરોધ પક્ષોનાં મહાગઠબંધન થાય એ પહેલાં ફાચર મારવા માટે જે તે પક્ષના નેતાઓ પાછળ સીબીઆઈ કે કેન્દ્રની અન્ય એજન્સીઓ છોડી મૂકવામાં આવી રહ્યાનું ખુદ વિપક્ષી નેતાઓ જાહેરમાં કહેવા માંડ્યા છે. મોદી ખૂબ દબાણ અનુભવી રહ્યા છે.સવર્ણ અનામત માટે બંધારણીય સુધારો છેલ્લી ઘડીએ લાવીને કોંગ્રેસને એને ટેકો આપવા માટે વિવશ કરી છે.જોકે સંસદનાં બંને ગૃહોની ચર્ચામાં મોટાભાગના સાથી પક્ષો અને વિપક્ષોએ ઉતાવળે લવાયેલી ૧૦ ટકા અનામત સુપ્રીમ કોર્ટમાં ટકશે કે માત્ર અગત્સ્યના વાયદા બની રહેશે,એવી આશંકા જરૂર વ્યક્ત કરી છે.અત્યાર લગી સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ ૫૦ ટકા અનામતથી વધારે આપી ના શકવાની માળા જાહેરસભાઓમાં પણ જપી રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રીપદેથી આનંદીબહેન પટેલે પણ પાટીદાર અનામત આંદોલન દરમિયાન એ જ આલાપ સાથે રાજીનામું આપવાની ફરજ પડી હતી. હવે ચૂંટણી જીતવાના દબાણ હેઠળ પલટી મારી તો છે,પણ અગાઉ ચૂંટણી જીતવા માટે અનામતનું કાર્ડ ખેલનારા વડાપ્રધાન વી.પી.સિંહ અન્ય પછાતોને ૨૭ ટકા કે બિહારના મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર થકી પછાતોને લાભની લહાણી ઉપરાંત મહારાષ્ટ્રમાં ૨૦૧૪માં વિધાનસભા ચૂંટણી પહેલાં મરાઠાઓને ૧૬ ટકા અને મુસ્લિમોને ૫ ટકા અનામત આપ્યાં છતાં ચૂંટણી હાર્યા હોવાના ઈતિહાસથી ભાજપમાં જીતવાના દાવા છતાં ભયનો માહોલ જરૂર છે. ભાજપના અધ્યક્ષ અમિત શાહે અગાઉ ૫૦ વર્ષ સુધી હવે દેશ પર ભાજપ રાજ કરશે એવા કરેલા દાવા પછી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૩૫૦ બેઠકો મેળવશે એવી કરેલી ઘોષણાઓને ૩૦૦ પર સીમિત કરવા માંડી છે. બહુસંખ્યકોના આકલન મુજબ ભાજપની ૫૪૩માંથી ૧૮૦ બેઠકો મળશે.

વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણી વેળા મોદી મોજું ઊભી કરી શક્યા હતા, છતાં માત્ર ૩૧ ટકા મત સાથે ૫૪૩ બેઠકોમાંથી ૨૮૨ બેઠકો મેળવીને ભાજપના નેતૃત્વમાં એનડીએની સરકાર બનાવી શક્યા હતા.

- **અત્યાર લગી સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ ૫૦ ટકા અનામતથી વધારે આપી ના શકવાની માળા જપતાં રહ્યા હતા**
- **સંઘનિષ્ઠો ગડકરીને નાયબ વડાપ્રધાન અને રાજનાથસિંહને ઉ.પ્ર.ના મુખ્યમંત્રી બનાવવાની ખોલ્લેઆમ માંગણી કરે છે**
- **પક્ષના અધ્યક્ષપદેથી અમિત શાહને હટાવીને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન શિવરાજસિંહને અધ્યક્ષ બનાવવા આગ્રહ**
- **કોંગ્રેસી નેતાઓ કે ધારાસભ્યોને તોડી લાવવા સામે હવે ભાજપમાં અસંતોષના ભડાકા અને કોંગ્રેસ ભણી ગમન શરૂ**

**અનામત પ્રથાનું વિસ્તરણ**

છેલ્લાં ચાર વર્ષ કરતાં પણ વધુ સમયથી વડા પ્રધાન મોદી અને એમના પક્ષના અન્ય શાસકો - નેતા - મુખ્ય પ્રધાનો દેશના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને અને નેહરુ-ગાંધી પરિવારને ભાંડતા રહ્યા છે. આની વિપરીત અસરરૂપે તેમણે છેલ્લે પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીઓમાં પરાજય વહોરવો પડ્યો અને ત્રણ મુખ્ય રાજયો રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢમાં તો કોંગ્રેસની સરકારો સત્તારૂઢ થઈ ગઈ છે. આવા સંજોગોમાં સંસદની મે ૨૦૧૯ની ચૂંટણી જીતવા માટે મરાઠાઓને મહારાષ્ટ્રમાં અનામત, પણ પટેલોને ગુજરાતમાં અનામત નહીં. અન્ય રાજયોમાં અનામત - અનામતના ખેલ પણ આરંભાયા છે. બાકી હતું તે હવે છેલ્લે છેલ્લે બંધારણ બદલીને સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય સંસદનું સત્ર પૂરું થવા આવ્યાના આગલા દિવસે કરે છે.

હકીકતમાં બંધારણના મૂળભૂત સ્વરૂપમાં સંસદ પણ ફેરફાર કરી શકે નહીં એવા સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ ચુકાદાઓ છતાં કાંઈક અંશે - ઘાંઘા જણાતા વડા પ્રધાન મોદી કેબિનેટમાં આ અનામતનો નિર્ણય કરાવીને બંધારણ સુધારો કરી લેવાની ઉતાવળમાં દેખાયા. ઉજળિયાતોને રાજીના રેડ કરી દેવાની વેતરણમાં છે. આગલા દિવસે ભાજપીઓ દિલ્હીમાં સમરસતા ખીચડી થકી દલિતોને ખુશ કરવાની વેતરણમાં હતા.જીએસટીમાં મોટી રાહતો આપીને વેપારી વર્ગને રાજી કરવાના પ્રયાસ થઈ રહ્યાં છે.ખેડૂતોને પણ રાજીના રેડ કરવાની વેતરણો ચાલે છે.કોઈપણ ભોગે જીતવું છે અને સત્તા સાચવવી છે.રાહુલબાબા હવે પપ્પુ રહ્યાં નહીં હોવાનો ભય લાગવા માંડ્યો છે.સોનિયા ગાંધી અને રાહુલ કે રોબર્ટ વાડરાને છેલ્લાં સાડા ચાર વર્ષમાં કંઈ નહીં કરી શક્યાનાં મહેણાં હવે ભારે પડે છે.કોંગ્રેસી નેતાઓને તોડી લાવવા સામે હવે ભાજપમાંથી પણ કોંગ્રેસ ભણી ગમન શરૂ થયું છે.

માગો એ વચન આપવાનું સૂત્ર એમણે એ વેળા સ્વીકાર્યું હતું, પણ આજે સાડા ચાર વર્ષ વીતી ગયા પછી એમનાં વચનોનો અમલ અગસ્ત્યના વાયદા સાબિત થયાનું માત્ર વિપક્ષો જ નહીં, પ્રજા પણ અનુભવી રહી છે. ખેડૂતો, યુવાવર્ગ અને મધ્યમ વર્ગની નારાજગી દૂર કરવા માટે એમણે નવાં વચનોના "સાન્તાક્લોસ"ને મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યું છે. ચૂંટણી જુગાર છે અને એ ખેલી લેવામાં હાર-જીતની શક્યતા કાયમ હોય જ છે.

**સત્તાધારી મોરચામાં ભંગાણ**

લોકસભાની ચૂંટણી માથે છે ત્યારે એક બાજુ પૂર્ણ બજેટને બદલે વોટ ઓન એકાઉન્ટની વાતો થાય છે. વળી, સત્તારૂઢ એનડીએ મોરચામાંથી ઘણા પક્ષો અલગ થતા જાય છે. શિવ સેના પક્ષ રૂસણે બેઠેલો છે અને છેડો ફાડવાની વેતરણમાં છે. ઉત્તર પ્રદેશમાં ૮૦માંથી એનડીએ ૭૩ બેઠકો જીત્યા પછીની પેટા-ચૂંટણીમાં ત્રણેય બેઠકો ભાજપ હાર્યો છે. ઉત્તર પ્રદેશમાં એક બાજુ વિપક્ષી મોરચો મજબૂત થાય છે અને ભાજપ મિત્ર અપના દળ નારાજ ચાલે છે.

લોકસભામાં ભાજપનો ૨૮૨નો આંકડો આજે ૨૬૮ની સભ્ય સંખ્યાએ આવીને ઊભો છે. એનો અર્થ એ થયો કે બહુમતી ગુમાવી દીધી છે. બહુમતી માટે ૨૭૨ સભ્યોનો ખપ પડે, પણ એનડીએના કુલ સભ્યોની હજુ બહુમતી છે એટલે વાંધો નથી. સામે પક્ષે વિપક્ષી મોરચા વિરુદ્ધ અને ગાંધી-નેહરુ પરિવાર વિરુદ્ધની ઝુંબેશ ચાલુ છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ ખટલામાં વચેટિયા મિશેલને જેલ અને અદાલતના ઘેરામાં રાખ્યો છે. ખટલો ચાલુ હોય ત્યારે એ અંગે એ મુદ્દે રાજકીય નિવેદનો કરવાનું ટાળવાની પરંપરા છતાં વડા પ્રધાન જ નહીં તેમની સરકારના પ્રધાનો પણ રોજેરોજ વિપક્ષના નેતાઓને સાંકળતાં નિવેદન કરતા જાય છે. સંસદીય ગરિમા કે વાણીની મર્યાદાનો લોપ ચોફેર જોવા મળે છે.

**સંઘ-ભાજપમાં ઉકળતો ચરુ**

ભાજપના નેતૃત્વવાળા એનડીએમાંથી અમુક પક્ષો છૂટા પડ્યા અને સમાજવાદી પક્ષ - બહુજન સમાજ પક્ષનું ગઠબંધન ઉત્તર પ્રદેશમાં થતાં સીબીઆઈના દરોડાનું સત્ર ચાલુ થયું છે. કોંગ્રેસ સહિતના પક્ષોના મહાગઠબંધનમાં પક્ષો જોડાય નહીં એવી કીમિયાગીરી છતાં રાષ્ટ્રવાદી

અનુસંધાન પાના નં ૭ પર